# ‘હું ઉમરા પોલીસમાં છું’ કહી મહિલાએ ચૌટાબજારના વેપારીને ખંખેરી લીધો

**ઉઘરાણીના** નાણાં અપાવવાની લાલચ આપી 60 હજાર પડાવ્યા

**રૂપિયા** પાછા માંગતા કોસાડ આવાસની મહિલાએ જેલ ભેગા કરવાની ધમકી આપી

સુરતઃ શહેરના ચૌટાબજાર વિસ્તારમાં દુકાન ધરાવતા એક વેપારીને ઉમરા પોલીસમાં કામ કરતી હોવાની ખોટી ઓળખ આપી એક મહિલાએ રૂ.60 હજારની ઠગાઈ કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વેપારીના ફસાયેલા રૂ.21 લાખ કઢાવી આપવાના બહાને નાણાં પડાવી લીધા હતા.

રાંદેર તાડવાડી વિસ્તારમાં રહેતા અને ચૌટાબજારમાં ‘હાર્મોની સ્લીપવેર’ નામે દુકાન ધરાવતા 53 વર્ષીય વિનોદભાઈ વતીયાણીની મુલાકાત ગત તા. 08/01/2026 ના રોજ રીઝવાના ઝાકીર જરીવાલા (રહે., કોસાડ આવાસ, અમરોલી) સાથે થઈ હતી.

રીઝવાના ગ્રાહક તરીકે દુકાને આવી હતી અને વાતો-વાતોમાં પોતે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી હોવાની ઓળખ આપી હતી. તેણે વેપારીને જણાવ્યું હતું કે, પોલીસમાં તેનું મોટું નામ છે અને જો કોઈ કામ હોય તો જણાવશો.

### ‘કોર્ટમાં કેસ લાંબો ચાલશે, હું 5 દિવસમાં ઉઘરાણી પતાવી દઈશ’

વિનોદભાઈએ મિત્ર યશ મખીજાની પાસેથી રૂ. 21 લાખ લેવાના બાકી છે અને તે પરત આપી રહ્યો નથી. આ સાંભળી રીઝવાનાએ કહ્યું હતું કે, જો તમે કોર્ટમાં કેસ કરશો તો વકીલો ફી પેટે 10% (રૂ.2.10 લાખ) લઈ લેશે અને કેસ વર્ષો સુધી ચાલશે. હું પોલીસમાં હોવાથી માત્ર 5 દિવસમાં તમારા પૈસા કઢાવી આપીશ, બદલામાં તમારે મને રૂ.1.50 લાખ આપવા પડશે.

### એડવાન્સમાં રૂપિયા લીધા બાદ ધમકી આપી

તા. 09/01ના રોજ તેણે વેપારીની દુકાને જઈ રૂ. 60,000 એડવાન્સ પેટે પડાવી લીધા હતા. જે બાદ વધુ 20 હજાર માંગ્યા હતા. દિવસો વીતવા છતાં કોઈ કામ ન થતાં અને ઉપરથી વધુ રૂ.20,000 ની માંગણી કરી હતી. વિનોદભાઈએ પોતાના રૂ. 60,000 પરત માંગ્યા, ત્યારે રીઝવાનાએ પોતાનું અસલી રૂપ બતાવ્યું હતું. તેણે ધમકી આપી હતી કે, હું વ્યાજનો ધંધો કરું છું, જો રૂપિયા માંગશો તો પોલીસમાં તમારી વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી જેલ ભેગા કરી દઈશ. આખરે છેતરાયા હોવાનો અહેસાસ થતાં વેપારીએ આ ઠગબાજ મહિલા વિરુદ્ધ અઠવામાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વતન જવા ઉધના સ્ટેશન પર મુસાફરોનો ધસારો

**વેકેશનમાં** ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા, બંગાળ જવા એક જ દિવસમાં 20,000 લોકો રવાના

સુરતઃ એપ્રિલમાં ઉનાળાની રજાઓ શરૂ થતાં વતન પરત ફરતા પ્રવાસીઓનો પ્રવાહ ઝડપી બન્યો છે. આ ખાસ કરીને રવિવાર, 12 એપ્રિલના રોજ ઉધના રેલવે સ્ટેશન પર સવારે 5 વાગ્યાથી મુસાફરોનો ભારે ધસારો શરૂ થયો હતો . દિવસભર, આશરે 20,000 મુસાફર ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશાના વિવિધ શહેરો માટે રવાના થયા હતા. ભીડ વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખીને, રેલવે વહીવટી તંત્રે ખાસ તૈયારીઓ કરી હતી. સ્ટેશન પર પાંચ વધારાના ટિકિટ કાઉન્ટર ખોલવામાં આવ્યા હતા અને 14 વધારાની શિફ્ટમાં સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો હતો. વધુમાં, સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે 30 TC સ્ટાફ, 112 RPF અને GRP કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ અધિકારીઓ પણ પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરી રહ્યા હતા. આમાં ACM, CCMI, AOM, સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ, ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ, RPF ઈન્ચાર્જ, GRP PI અને ડેપ્યુટી SP નો સમાવેશ થતો હતો. લાયન્સ ક્લબ ઓફ સુરત ક્રિસ્ટલે 40 પાણીના જગ પૂરા પાડ્યા હતા.

### આ ટ્રેનોમાં 20 હજાર મુસાફર રવાના થયા હતા

| | |
|---|---|
| 1) 09061 ઉધના-જયનગર અંત્યોદય અનરિઝર્વ્ડ - | 3800-4000 |
| 2) 09031 ઉધના-હસનપુર - | 3100-3200 |
| 3) 19021 ઉધના-બ્રહ્મપુર - | 1600-1700 |
| 4) 22564 ઉધના-જયનગર અંત્યોદય - | 3700-3800 |
| 5) 19045 ઉધના-થવરે તાપ્તી ગંગા - | 2300-2400 |
| 6) 09067 ઉધના-જયનગર સ્પેશિયલ - | 4000 |
| 7) 05054 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર (સ્પેશિયલ હોલ્ટ) - | 200 |

# ‘વાયદાનો વેપાર કરવા સોસાયટીમાં આવવું નહીં’ ચૂંટણી બહિષ્કારના સૂર

**વરાછા-**પુણાની સોસાયટીમાં રહીશોએ બેનરો લગાવી રાજકીય પક્ષોનું નાક દબાવ્યું




સુરત : સુરત મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ વરાછા અને પુણા જેવા વિસ્તારોમાં રાજકીય પક્ષો સામે જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. તેવી જ રીતે ઉત્રાણમાં ગોકુળપાર્કમાં પણ વિરોધ જોવા મળ્યો હતો. સુરતના વરાછા વિસ્તારમાં અનેક સોસાયટીઓના મેઈન ગેટ પર ‘કોઈએ મત માંગવા આવવું નહીં’ તેવા આકરા લખાણ સાથેના બેનરો લાગતા રાજકીય પક્ષોના આગેવાનો અને ઉમેદવારો દોડતા થઈ ગયા છે. ખાસ કરીને પુણા વિસ્તારની શાંતિનિકેતન સોસાયટીના રહીશોએ સ્થાનિક પ્રશ્નોના નિરાકરણના અભાવે ચૂંટણી બહિષ્કારનો મક્કમ નિર્ધાર કર્યો છે. રહીશોનો આક્ષેપ છે કે છેલ્લા લાંબા સમયથી પાયાની સુવિધાઓ અને વિવિધ પડતર પ્રશ્નો અંગે મનપા તેમજ સ્થાનિક પ્રતિનિધિઓને રજૂઆતો કરવામાં આવી રહી છે, પરંતુ સત્તાધીશો દ્વારા તેમની માંગણીઓ સતત નજરઅંદાજ કરવામાં આવતા લોકોમાં ભારે નારાજગી વ્યાપી છે. હવે ડોર-ટુ-ડોર પ્રચાર કરવા નીકળેલા કાર્યકર્તાઓને અનેક જગ્યાએ રીતસરના વીલા મોઢે પરત ફરવું પડી રહ્યું છે.

શાંતિનિકેતન સોસાયટીના ગેટ પર લગાવવામાં આવેલા બેનરમાં સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે કે, ‘કોઈપણ પક્ષના કાર્યકરો કે ઉમેદવારોએ પોતાના અંગત ફાયદા માટે વાયદાનો વેપાર કરવા અમારી સોસાયટીમાં પ્રવેશ કરવો નહીં.’ રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, જેમ જેમ મતદાનના દિવસો નજીક આવશે, તેમ તેમ સુરતના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારે બેનરો લગાડીને રાજકીય પક્ષોનું નાક દબાવવાના પ્રયાસો વધશે. આ બેનર વોરને કારણે ઉમેદવારો માટે પ્રચાર કરવો લોઢાના ચણા ચાવવા જેવો સાબિત થઈ રહ્યો છે.

# ઝેરી પ્રસાદ ખવડાવવાના કેસમાં 5 શંકાસ્પદની તપાસ

**ઘરના** દરવાજે લટકાવેલા લાડુમાંથી ઝેર મળ્યું

**CCTVમાં** અજાણ્યા શખ્સોની હલચલથી પોલીસ તપાસ તેજ

સુરત : શહેરના ઉત્રાણ વિસ્તારમાં આવેલી શાલીગ્રામ હાઇટ્સમાં હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં અજાણ્યા શખ્સ દ્વારા ઘરના દરવાજે લટકાવવામાં આવેલા ‘પ્રસાદ’ રૂપે આપેલા લાડુ ખાવાથી એક જ પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે બીમાર પડ્યા છે. આ મામલે ઉત્રાણ પોલીસે પાંચ શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરી તેમની પૂછપરછ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોરધનભાઈ વશરામભાઈ ડોંડા 10મી તારીખે બપોરે ઘરે પરત ફર્યા ત્યારે તેમના ઘરના દરવાજા પર બુંદીના લાડુ લટકાવેલા મળ્યા હતા. તેને પ્રસાદ સમજી પરિવારના સભ્યોએ ખાધા બાદ થોડા જ સમયમાં ત્રણેયની તબિયત લથડી ગઈ હતી, જેના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ ગોરધનભાઈની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

તબીબી તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે લાડુમાં ઝેરની ગોળીઓ મળી આવી છે, જેના કારણે આ ઘટના પૂર્વનિયોજિત કાવતરું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા એપાર્ટમેન્ટના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી છે, જેમાં પાંચ શંકાસ્પદ વ્યક્તિઓની હલચલ જોવા મળી છે.

આ આધારે પોલીસે તપાસ વધુ તેજ કરી છે અને તમામ દિશામાં તપાસ હાથ ધરાઈ છે. જોકે, હજુ સુધી લાડુ કોણ મૂકી ગયું તે સ્પષ્ટ થયું નથી, પરંતુ પોલીસ ટૂંક સમયમાં આરોપીઓ સુધી પહોંચવાની આશા વ્યક્ત કરી રહી છે.

# સુરતમાં DCB અને SOGમાં વર્ષોથી એક જ અધિકારી

**સિવિલ** ડ્રેસમાં ફરજ બજાવે છે રાજકીય પ્રવૃત્તિમાં પણ સંડોવણી છે

**ગંભીર** ગુનાની તપાસને બદલે રાજકીય કાર્યકર્તા પર નજર રાખનારાની બદલી કરવા કોંગ્રેસની માંગ

સુરતઃ મહાનગર પાલિકા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધ્યો છે ત્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ દ્વારા સુરત પોલીસ વિભાગના એસઓજી અને ડીસીબી સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કોંગ્રેસે રાજ્ય ચૂંટણી પંચ અને સુરત શહેરના મુખ્ય ચૂંટણી કમિશનરને રજૂઆત કરી, આ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પર રાજકીય પક્ષપાત અને સત્તાનો દુરૂપયોગ કરવાનો આરોપ મૂક્યો છે.

રજૂઆતમાં જણાવાયું છે કે એસઓજી અને ડીસીબી જેવી ગંભીર ગુનાઓની તપાસ માટે રચાયેલ શાખાઓ છેલ્લા કેટલાક સમયથી શાસક પક્ષને મદદરૂપ બની કાર્ય કરી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. કોંગ્રેસના કહેવા મુજબ, આ વિભાગના ઘણા અધિકારી-કર્મચારીઓ વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવી રહ્યા છે અને તેમની બદલી કરવામાં આવતી નથી અથવા બદલી પછી પણ તેઓ નવી જગ્યાએ ચાર્જ લેતા નથી. કોંગ્રેસે વધુમાં આક્ષેપ કર્યો છે કે આ વિભાગના કર્મચારીઓ સિવિલ ડ્રેસમાં રહીને રાજકીય કાર્યકર્તાઓ પર નજર રાખી રહ્યા છે, અજાણ્યા નંબરથી ફોન કરીને દબાણ બનાવી રહ્યા છે અને વિરોધ પક્ષના ઉમેદવારોનો સમય બગાડતા હોવાના બનાવો સામે આવ્યા છે. જેના કારણે ચૂંટણી પ્રક્રિયામાં અસમાનતા સર્જાઈ રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ રજૂઆતમાં ચૂંટણી દરમિયાન તમામ પોલીસ સ્ટાફને ફરજ દરમિયાન વર્દીમાં જ રહેવાની ફરજિયાત સૂચના આપવા માંગ કરવામાં આવી છે, જેથી સામાન્ય નાગરિકો અને પોલીસ વચ્ચે ભ્રમની સ્થિતિ ન સર્જાય. સિવિલ ડ્રેસમાં ફરતા પોલીસ સ્ટાફને કારણે ક્યારેક ઘર્ષણની પરિસ્થિતિ ઊભી થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. કોંગ્રેસે એ પણ માંગ કરી છે કે એસઓજી અને ડીસીબીના અધિકારીઓને કોઈપણ રાજકીય ફરિયાદ કે અરજીમાં સીધી દખલગીરી કરવા રોકવામાં આવે અને આવી ફરિયાદો માત્ર સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા જ કાયદેસર રીતે હાથ ધરવામાં આવે. આ સાથે જ વર્ષોથી એક જ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓની તાત્કાલિક બદલી કરવા અને ખાનગી વાહનોમાં ફરજ બજાવવાની પ્રથા બંધ કરાવવા પણ રજૂઆત કરવામાં આવી

# ‘પાણી આપો, પછી વોટ માંગો’ ચૂંટણી પહેલા જ ભાજપનો વિરોધ

**અડાજણમાં** ‘સુમન આદર્શ’ આવાસના રહીશોએ વોટના બદલે માંગ્યું પાણી

**ગેટ** પર બેનરો લગાવી ઉમેદવારોની એન્ટ્રી બંધ કરી




સુરત : વોર્ડ નંબર 10 માં સત્તાધારી પક્ષ ભાજપ માટે કપરા ચઢાણ સર્જાયા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. અડાજણ-પાલ વિસ્તારમાં આવેલા ‘સુમન આદર્શ’ પ્રધાનમંત્રી આવાસના રહીશોએ ભાજપ સામે બ્યૂગલ ફૂંકતા સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર પર જ વિરોધ પ્રદર્શનના બેનરો લગાવી દીધા છે. આ બેનરોમાં સ્પષ્ટ અને આકરા શબ્દોમાં સંદેશો લખવામાં આવ્યો છે કે, ‘‘ભાજપના ઉમેદવારોએ અહીં વોટ માંગવા આવવું નહીં.’’ વર્ષોથી જે મતદારો ભાજપના ગઢ સમાન ગણાતા હતા, તેઓ જ હવે શાસકોની કામગીરીથી અત્યંત નારાજ જોવા મળી રહ્યા છે. સ્થાનિકોનો મુખ્ય આક્ષેપ એ છે કે છેલ્લા એક વર્ષથી તેઓ પીવાના શુદ્ધ અને પૂરતા પાણી માટે વલખાં મારી રહ્યા છે.

વારંવાર મનપા કચેરીએ રજૂઆતો કરવા છતાં અને સ્થાનિક કોર્પોરેટરોને પત્ર લખવા છતાં પરિણામ શૂન્ય રહ્યું છે, જેના કારણે રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

આવાસ યોજનાના એ, બી અને સી બિલ્ડિંગના અંદાજે 200થી વધુ પરિવારોના 1000 જેટલા સભ્યોએ રવિવારે સવારે રસ્તા પર ઉતરી અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. હાથમાં ખાલી ડોલ, તપેલા અને માટલાં લઈને મહિલાઓ અને વૃદ્ધોએ ‘‘પાણી આપો, પછી વોટ માંગો’’ ના નારા લગાવ્યા હતા. રહીશોએ જણાવ્યું કે, વિકાસની મોટી મોટી વાતો વચ્ચે અમને પાયાની જરૂરિયાત સમાન પાણી માટે પણ વલખાં મારવા પડે છે, તો કયા મોઢે ભાજપના નેતાઓ અમારી પાસે વોટ માંગવા આવશે? સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે પ્રધાનમંત્રી આવાસ જેવી સરકારી યોજનામાં જ લોકો પાણી માટે તરસી રહ્યા હોવાની આ ઘટનાએ વિપક્ષોને પણ બેઠું થવાનું ભાથું પૂરું પાડ્યું છે.

### બ્રિજ પર જ દબાણ: મનપાના CCTV માત્ર શોભાના ગાંઠિયા



■ માથાભારે દબાણ કરનારાઓએ મનપા અને પોલીસ તંત્રને ખુલ્લો પડકાર ફેંકીને ટ્રાફિકથી ધમધમતા સ્વામી વિવેકાનંદ લો-લેવલ બ્રિજ પર જ આખું રવિવારી બજાર ઊભું કરી દીધું હતું. આ ગેરકાયદે બજારમાં ખરીદી કરવા આવતાં લોકોએ પણ બ્રિજ પર જ અસ્તવ્યસ્ત વાહનો પાર્ક કરતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે, બ્રિજના બંને છેડે સુરક્ષા માટે લગાવેલા હાઈટેક સીસીટીવી કેમેરાની બિલકુલ નીચે જ આ બધું ગેરકાયદે કૃત્ય ચાલતું રહ્યું, છતાં તંત્રએ આંખ આડા કાન કર્યા હતા. હેલ્મેટ, સીટબેલ્ટ કે ગંદકી જેવા સામાન્ય નિયમભંગ બદલ સીસીટીવી દ્વારા તાત્કાલિક દંડ ફટકારતું તંત્ર દબાણ કરનારાઓ સામે લાલ આંખ કરવાને બદલે ‘બિલાડી’ બની ગયું છે.

# BMWના અકસ્માતમાં વેપારીના પત્નીનું મોત

**એરબેગ** ખુલ્યા છતાં જીવ બચી શક્યો નહીં

સુરત :સચિન GIDC નાકા પાસે થયેલા ગંભીર અકસ્માતમાં ઉનના એક વેપારીની BMW કાર ગટરના ઢાંકણ સાથે અથડાતાં ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં વેપારીની પત્નીનું મોત થયું છે, જ્યારે વેપારીની હાલત હજુ પણ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ઉન રાહત સોસાયટી ખાતે રહેતા 65 વર્ષીય મસુદ્દીન શેખ, જે બિલ્ડિંગ મટિરિયલનો વેપાર કરે છે, તેઓ તેમની 63 વર્ષીય પત્ની સાયરાબાનૂ સાથે નવસારી ખાતે બીમાર બહેનને મળવા ગયા હતા. પરત ફરતી વખતે સચિન GIDC નાકા નજીક તેમણે કાર પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને અંદાજે 100 કિમી પ્રતિ કલાકની ઝડપે ગટરના ઢાંકણ સાથે જોરદાર અથડામણ થઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે BMW કારના આગળના ભાગના ફુરચા ઉડી ગયા હતા અને એરબેગ ખુલવા છતાં દંપતી ગંભીર રીતે ઘવાયા હતા. બંનેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સાયરાબાનૂનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.ઘટનામાં મસુદ્દીન શેખની હાલત હજુ પણ નાજુક હોવાનું હોસ્પિટલ સૂત્રોએ જણાવ્યું છે. બનાવ અંગે સચિન GIDC પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પરિવારમાં બે પુત્ર અને બે પુત્રીઓ છે, જ્યારે આ અકસ્માતે પરિવાર પર ભારે આઘાત સર્જ્યો છે.

# ભાજપમાં ઘમાસાણ : વોર્ડ 20માં અને 27માં નારાજગી યથાવત્

**20માં** પ્રશાંત કોરાટને ઘેરીને મહિલાઓએ નારાજગી દર્શાવી

**27માં** ટિકિટ ફાળવણીમાં પાટીદારોની અવગણના સામે રોષ



સુરત : ચૂંટણી પૂર્વે વોર્ડ નંબર 20 (ખટોદરા-મજુરા-સગરામપુરા)માં ભાજપ માટે આંતરિક વિરોધ ચિંતાજનક બનતો જઈ રહ્યો છે. પક્ષ દ્વારા પ્રતિભા દેસાઈને ઉમેદવાર તરીકે ટિકિટ આપતા પ્રથમ દિવસથી જ સ્થાનિક કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે. આ વિરોધ આજે વધુ ઉગ્ર બન્યો હતો, જ્યારે વોર્ડના મધ્યસ્થ કાર્યાલય રામચોક સામે આવેલા બી.ડી. હાઉસ ખાતે પ્રભારી મહામંત્રી પ્રશાંત કોરાટ અને શહેર પ્રમુખ પરેશ પટેલ સહીતના પક્ષના નેતાઓ પહોંચતા મહિલાઓએ આયાતી ઉમેદવાર પ્રતિભા દેસાઇને ટિકિટ આપવા સામે નારાજગી વ્યક્ત કરી હતી. જ્યારે વોર્ડ નં. 27 (ડિંડોલી) વિસ્તારમાં ભાજપ સામે સ્થાનિક સ્તરે ભારે નારાજગી અને બળવો સામે આવ્યો છે.

છેલ્લા દોઢ દાયકાથી પક્ષને મજબૂત સમર્થન આપતા પાટીદાર અને ઉત્તર ગુજરાતના રહીશો ટિકિટ ફાળવણીને લઈને પાટીદાર સમાજની અવગણનાનો મુદ્દો ઉઠાવ્યો છે. આ મુદ્દે ગઇકાલે યોજાયેલી બેઠકમાં સમાજના આગેવાનોએ ખુલ્લેઆમ રોષ વ્યક્ત કર્યો હતો. આ મુદ્દે વિરોધ કરવા ગત રાત્રે એક મીટીંગ પણ યોજાઇ હતી.

### ‘ભાજપ, કોંગ્રેસ કે આપ’ને અડાજણનો નાગરિક મત આપવા જશે નહીં

# અડાજણમાં કોળી પટેલ સમાજની ટિકિટ કપાતા રોષ

**સ્થાનિક** ઉમેદવારને અન્યાયના મુદ્દે મધુવન સર્કલ ભાજપ કાર્યાલયે વિરોધ પ્રદર્શન સાથે ગામજનોની ચૂંટણી બહિષ્કારની ચીમકી



સુરત : ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી ઉમેદવારોની યાદીમાં અડાજણ ગામના સ્થાનિક પ્રતિનિધિને અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે સમગ્ર ગામમાં ભારે અસંતોષ ફાટી નીકળ્યો છે. અડાજણ ગામના તમામ મોહલ્લા અને દરેક સમાજના રહીશોએ એકઠા થઈને આ નિર્ણય સામે મોરચો માંડ્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, વર્ષોથી પક્ષ માટે સમર્પિત સ્થાનિક ઉમેદવારની અવગણના કરીને અન્યાય કરવામાં આવ્યો છે, જે હવે ગ્રામવાસીઓ સહન કરવાના મૂડમાં નથી. આ અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે ગ્રામજનોએ મધુવન સર્કલ પાસે એકત્રિત થઈ નિલેશ પટેલ અને મિનાક્ષી પપૈયા વિરોધ કર્યો હતો. આગામી 26 મી તારીખે યોજાનારી ચૂંટણીના બહિષ્કારની જાહેરાત કરી છે.

સોશિયલ મીડિયા અને પત્રિકાઓ દ્વારા ગામમાં અપીલ કરવામાં આવી છે કે, ભાજપ હોય, કોંગ્રેસ હોય કે આમ આદમી પાર્ટી કોઈપણ પક્ષને અડાજણ ગામનો એક પણ નાગરિક મત આપવા જશે નહીં.

### ચેમ્બરની મેનેજિંગ કમિટીની ચૂંટણી:

# લાઈફ, ગોલ્ડ, પેટ્રનની બેઠકો સામે વધુ ઉમેદવારો

**કુલ** બેઠકો સામે બાકી વધેલા ઉમેદવારોને 2 મે પહેલા સમર્થનમાં લાવવા પ્રયાસો

### આ બેઠકો માટે ચૂંટણીની શક્યતા

» ગોલ્ડ કેટગરીની 4 બેઠક સામે 5 ઉમેદવાર, - પેટ્રન 6 બેઠક સામે 10 ઉમેદવાર, » લાઇફ મેમ્બર 44 બેઠક સામે 57 ઉમેદવાર, » લાઇફમાં 123માંથી 66 ખેંચી લેવાયા 57 વધ્યા, 13 ફોર્મ 44ની પેનલ સામે વધુ રહ્યા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મેનેજિંગ કમિટીની ચૂંટણી શનિવાર, તા. 2 મેના રોજ યોજાશે. સવારે 9થી સાંજે 5 કલાકના સમયગાળા દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે મતદાન થશે.

કમિટીની જુદી જુદી કેટેગરીની ચૂંટણી માટે ત્રણ કેટેગરીમાં બેઠક સંખ્યા કરતાં વધુ ઉમેદવારો નોંધાયા છે. લાઈફ મેમ્બરશિપની 44 બેઠક સામે 123 ઉમેદવારએ ફોર્મ ભર્યા હતા. એ પૈકી 66 ઉમેદવારએ ફોર્મ પરત ખેંચી લીધા હતા. એ રીતે ચેમ્બરની સત્તાધારી 44ની પેનલ સામે 13 વધુ ઉમેદવારો હાલ મેદાનમાં છે. ગોલ્ડ કેટેગરીની 4 બેઠક સામે 5 ઉમેદવાર મેદાનમાં રહ્યાં છે. પેટ્રનની 6 બેઠક સામે 10 ઉમેદવાર હજી મેદાનમાં રહ્યાં છે. જોકે ચેમ્બરના કારભારીઓ હજી 1 મે સુધી બાકી રહેલા ઉમેદવારોને સમર્થન અપાવી દાવેદારી છોડાવી શકે છે. 11 એપ્રિલના રોજ ફોર્મ પરત લેવાનો અંતિમ દિવસ હતો. સત્તાધારી પેનલના ઘણા દાવેદારોએ અપકમિંગ પ્રેસિડેન્ટને વિડ્રોઅલ આપી દીધા છે. તેમ છતાં આઠેક જેટલા દાવેદારો મેદાન છોડવા તત્પર જણાયા નથી.

# ગે ડેટિંગ એપ ‘Grindr’ પર મિત્રતા કેળવી વધુ એક યુવકને લૂંટી લેવાયો

**ન્યુ** બોમ્બે માર્કેટ પાસે બોલાવી બાઇક પર અવાવરું જગ્યાએ લઈ જઈ 24 હજાર ટ્રાન્સફર કરી લીધા

સુરતઃ વરાછા વિસ્તારમાં સોશિયલ મીડિયા અને ડેટિંગ એપ્લિકેશનના માધ્યમથી લૂંટ કરતી ગેંગ ફરી સક્રિય થઈ છે. મૂળ ઝારખંડના અને સુરતમાં એમ્બ્રોડરીના વ્યવસાય સાથે સંકળાયેલા એક યુવકને ‘Grindr’ ડેટિંગ એપ પર ફસાવી, ચાર શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપી તેની પાસેથી રૂ. 24,000 પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. આ મામલે વરાછા પોલીસે ગુનો નોંધી આશિષ વાળા સહિત બે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સારોલી વિસ્તારમાં રહેતા 20 વર્ષીય યુવકે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગત તા. 10 એપ્રિલના રોજ યુવકે પોતાના મોબાઈલમાં ‘Grindr’ નામની ગે ડેટિંગ એપ ડાઉનલોડ કરી હતી. જેમાં એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવતા વાતચીત શરૂ થઈ હતી. સામેવાળી વ્યક્તિએ મિત્રતાના બહાને યુવકને મળવા માટે ન્યુ બોમ્બે માર્કેટ પાસે બોલાવ્યો હતો. બપોરના બે વાગ્યાના અરસામાં જ્યારે યુવક ત્યાં પહોંચ્યો, ત્યારે એક શખ્સ શાઈન મોટરસાઈકલ લઈને આવ્યો હતો અને તેને પાછળ બેસાડી કમલપાર્ક સોસાયટીના અવાવરું ભાગમાં લઈ ગયો હતો.

### જાનથી મારી નાખવાની ધમકી આપી ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા

કમલપાર્ક સોસાયટીમાં અગાઉથી જ અન્ય ત્રણ શખ્સો હાજર હતા. બાઇક પરથી ઉતરતાની સાથે જ ચારેય શખ્સોએ યુવકને ઘેરી લીધો હતો અને તેની પાસે રહેલા રોકડ નાણાંની માંગણી કરી હતી. યુવકે પોતાની પાસે પૈસા ન હોવાનું જણાવતા લૂંટારુઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ એક મોબાઈલ નંબર આપી પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી ગૂગલ પે મારફતે રૂ. 18,000 અને રૂ. 6,000 એમ બે ટુકડે કુલ રૂ. 24,000 ટ્રાન્સફર કરાવી લીધા હતા.

### બે ઠગ પકડાયા, બે ફરાર

યુવકે વરાછા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે મોબાઈલ નંબરના આધારે તપાસ હાથ ધરી આશિષ વાળા સહિત બે શખ્સને દબોચી લીધા છે. જ્યારે અન્ય બે ફરાર શખ્સોની શોધખોળ ચાલુ છે.